સે-૭ના સરકારી છાત્રાલયમાં ચોર ટોળકીનો પગ પેસારો

@ગાંધીનગર

● શરદપૂર્ણિમા નિમિત્તે સાંજે ૭-૦૦ કલાકે ઈન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ ખાતે શરદરાત્રિ ૨૦૧૫નો કાર્યક્રમ યોજાશે. જેમાં રાજદીપ બારોટ અને વનીતા બારોટ ગરબા રજૂ કરશે.

● સેકટર-૮ સેંટ ઝેવિયર્સ સ્કુલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા શનિવારે સાંજે ૬.૦૦ કલાકે 'રઢીયાળી રાત' ગરબાનો કાર્યક્રમ યોજાશે.

● સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળ દ્વારા રાસ ગરબા મહોત્સવ ૨૦૧૫નો કાર્યક્રમ રાત્રે ૮-૦૦ કલાકે સમાજ ભવન ખાતે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

આજે શહેરમાં ભવ્ય તાજીયા જુલુસ

અસત્ય સામેની લાડઈમાં ઈમામહુસેન કરબલાના યુધ્ધમાં તેમના ૭૨ સાથીઓ શહીદ થયા હતા અંતે સત્યની જીત થઈ હતી

ગાંધીનગર, તા.૨૩

આજે ગાંધીનગર શહેર અને જિલ્લામાં ઈમામ હુસેનની સ્મૃતિને તાજી કરવા તાજીયા નીકળશે. ગાંધીનગર, છાલા, કલોલ વગેરે સ્થાનમાં તાજીયા જુલુસ નીકળશે. શુક્રવારે રાત્રિ એટલે કે કતલની રાત્રે ઈમામહુસેનની સ્મૃતિમાં મુસ્લિમ બિરાદરો શોકની લાગણી વ્યકત કરી શનિવારે બપોરે સે-૨૯ હુસેની ચોકથી તાજીયા નીકાળશે. તાજીયા ઘ-૬ થી ઘ-૫ થી સે-૨૧ જુમ્મા મસ્જીદ થઈ સે-૩૦ થઈને સાબરમતીના કિનારે લઈ જવાશે જયાં તાજીયા ઠંડા કરાશે.

ઈસ્લામી માસ મોહરમ મુસ્લિમોનો નવા વર્ષનો આરંભ છે. આજ માસની દસમી તારીખે ઈમામ હુસેન અને તેમના સાથીઓની શહાદત થઈ હતી. સત્ય અને અસત્યની આ લડાઈમાં ઈમામ હુસેન (ર.અ) કરબલાના યુદ્ધમાં તેમના ૭૨ સાથીઓ સાથે શહીદ થયા હતા. આ ઘટના ઈસ્લામી ઈતિહાસની કરુણ ઘટના છે. ઘટનાની યાદને તાજી કરવા માટે મહોરમના રોજ તાજીયા બનાવી મુસ્લિમ બિરાદરો શોકની લાગણી વ્યકત કરતા હોય છે.

કૂફા શહેરની પ્રજા યઝીદના અત્યાચારી શાસનથી ત્રાસી ગઈ હતી. કૂપાની પ્રજાએ તેની જાણ હજરત

ઈમામ હુસેનને કરી હતી. પ્રજાની ફરિયાદ સાચી લાગતા હજરત ઈમામ હુસેને પોતાના ૭૨ સાથીઓ સાથે કૂફા પ્રયાણ કર્યું. કરબલાના મેદાન પાસે ફુરાતના કાંઠે પડાવ નાખ્યો. પરંતુ યઝીદના લશ્કરે તેમને ઘેરી લીધા હતા. હજરત ઈમામ હુસેન અને તેમના ૭૨ સાથીઓ જયારે યઝીદના લશ્કરથી ઘેરાઈ ગયા અને પાણીની બુંદ બુંદ માટે બાળકો, સ્ત્રીઓ તડપતા હતા એટલા માટે મોહરમ માસ શરૂ થતા જ ઠેર ઠેર પાણીની છબીલો બાંધવામાં આવે છે. મોહરમ માસમાં મુસ્લિમ બિરાદરો દ્વારા પાણી, શરબતો, કોલ્ડ્રીંકસ પીવડાવવામાં આવે છે.

ક્રૂર અને જુલ્મી યઝીદે પોતાનું વિશાળ લશ્કર ઈમામ હુસેનના ૭૨ સાથીઓ ઉપર છોડી મુકયું હતું. ઈમામ હુસેનના ૭૨ સાથીઓ એમના ઉપર ભારે પડયા અને હિંમતભેર સામનો કર્યો હતો અને યઝીદના લશ્કરને પીછે હઠ કરવી પડી હતી આથી યઝીદે યુદ્ધના નિયમોને નેવે મુકી આડેધડ કત્લે આમ શરૂ કરી હતી. જેમાં સત્યની જીત થઈ હતી.

આમ હજરત ઈમામ હુસેન અને તેમના સાથીઓ સત્યની લડાઈ લડતા લડતા શહીદ થયા હતા એ દિવસે મોહરમની ૧૦મી તારીખ હતી.

(તસવીર : દિપક જાની)

વાતવાતમાં

● માહિતી ખાતાના કર્મચારીઓ અમદાવાદ સ્પીપા ખાતે ખાતાકીય તાલીમ મેળવી રહ્યા છે જેને પગલે માહિતી ખાતાની કચેરી સુમસામ લાગે છે.

● નવરાત્રી બાદ નવરાશ મળતા ગૃહિણીઓએ સાફ સફાઈ હાથ ધરી છે. ઘરની છત પર ગાદલાના તોરણ નજરે પડે છે.

● શહેરમાં શરદોત્સવની પણ ધામધૂમપૂર્વક ઉજવણી કરવા આયોજકોએ તૈયારીઓ શરુ કરી છે.

- સમીર રામી

૯૯૨૪૪૪૬૬૪૫

આજે સે-૩-સી ખાતે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૨૩

શ્રી મા મેલડી આનંદ ગરબા મંડળ તરફથી આજે રમીલાબેન પ્રહલાદભાઈ વાઘેલા સે-૩-સી પ્લોટ નં. ૫૭૩/૧ ગાંધીનગર ખાતે મધુબેન કડીકરના સુમધુર કંઠે સવારે ૮ થી ૯ આનંદનો ગરબો અને ૯.૩૦ થી ૧૧.૩૦ વાગે શ્રી સંજયભારતી બાપુના મધુર કંઠે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા ભાવિકોને નમ્ર નિવેદન છે.

પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે જિલ્લા કક્ષાની શાળા વિકાસ સંકુલની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૩

શહેરના સેકટર-૩૦ સ્થિત પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે શાળા વિકાસ સંકુલની જિલ્લા કક્ષાની મીટીંગ યોજાઈ હતી. જેમાં જિલ્લાની ૭૫ શાળાના આચાર્યશ્રીઓ હાજર રહ્યા હતા.

પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે આજ રોજ શાળા વિકાસ સંકુલની મીટીંગમાં ઉપસ્થિત ૭૫ આચાર્યશ્રીઓને કાર્ય સજ્જતા અને ગુણવત્તા સુધારણા વિશે પ્રેરક માર્ગદર્શન જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડે આપ્યું હતું. આ પ્રસંગે ઈ.આઈ. નિપાબેન પટેલ, નેન્સીબેન ગુપ્તે સહિત મોટી સંખ્યામાં આચાર્યા હાજર રહ્યા હતા. આભાર દર્શન શાળાના આચાર્ય યુવરાજસિંહે કર્યું હતું.

આજે બ્રહ્મભવન ખાતે રાસ ગરબા યોજાશે

ગાંધીનગર, તા.૨૩

સમસ્ત બ્રહ્મ સમાજ યુવા પરિવાર ગાંધીનગર દ્વારા તા. ૨૪ ઓકટોબર શનિવારના રોજ રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. બ્રહ્મભવન સેકટર-૧૬ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાનાર રાસ ગરબાના કાર્યક્રમમાં સમાજના દરેક યુવક અને યુવતિઓને લાભ લેવાનું યુવા પાંખ દ્વારા જણાવાયું છે. વધુમાં બ્રહ્મસમાજના યુવક-યુવતિઓને સભ્ય બનવું હોય તેમના માટે તે દિવસે રજીસ્ટ્રેશનની સુવિધા ઉભી કરવામાં આવી છે. જેથી બ્રહ્મ સમાજના યુવક યુવતિઓને હાજર રહેવાનું પણ જણાવાયું છે.

સે-૭ના સરકારી છાત્રાલયમાં ચોર ટોળકીનો પગ પેસારો

ગાંધીનગર, તા.૨૩

શહેરના સેકટર-૭ ખાતે સ્થિત ડૉ. બાબા સાહેબ આંબેડકર સરકારી કુમાર છાત્રાલયમાં ચોર ટોળકીએ રીતસરનો આતંક મચાવી દીધો છે. એક પખવાડીયામાં છાત્રાલયમાંથી બે મોબાઈલો, એક લેપટોપની રૂમમાં ઘુસીને કોઈ ઉઠાંતરી કરી ગયું છે. કિંમતી ચીજવસ્તુઓ તો ઠીક પરંતુ એક જોડી નવા કપડા ઉપરાંત તેલ, શેમ્પુ, સાબુ જેવી જરૂરિયાતની ચીજ વસ્તુઓની પણ ચોરી થવા લાગી હોવાની બુમ પડી રહી છે. છાત્રાલયમાં આવીને બહારની કોઈ વ્યકિત જમી ન જાય તે માટે સંચાલકોએ ભોજનકક્ષમાં સીસીટીવી કેમેરા લગાડયા છે પરંતુ છાત્રાલય સંકુલમાં ઘુસેલા ચોર પકડવા એકેય કેમેરો નહીં લગાડવામાં આવ્યો હોવાથી આ બાબત ચર્ચાનો વિષય બની ગઈ છે.

સેકટર-૭ની સરકારી છાત્રાલયમાં નવમાં નોરતે રાત્રે બ્લોક નં. ૧૦૨/૮ના છાત્રો શેરી ગરબા નિહાળવા રૂમને તાળુ મારીને ગયા

હતા. એન્જીનીયરીંગનો વિદ્યાર્થી મોડી રાત્રે રૂમમાં પરત ફર્યો ત્યાં સુધીમાં રૂમમાં પડેલા બે લેપટોપ પૈકી એક લેપટોપ ગાયબ હતું. એક લેપટોપ ખરાબ સ્થિતિમાં હતું અને બીજું સારું હતું. ચોર બેગની ચેઈન ખોલીને સારું લેપટોપ ઉઠાવી ગયો ને ખરાબ લેપટોપ તેણે મુકી રાખ્યું હતું. આ અંગે લેપટોપ ચોરી સંદર્ભે અરજી આપતા સે-૭ પોલીસ પણ દોડતી થઈ છે. ખરાબ પડેલા લેપટોપને ચોરે હાથ પણ ન લગાડતા કોઈ જાણભેદુ ચોર હોવાની શંકાને આધારે પોલીસ તપાસ ચલાવી રહી છે તો બીજી તરફ ગઈ કાલે એક રૂમમાંથી વિદ્યાર્થી દિવાળી માટે જે કપડાની નવી જોડી ખરીદી કરીને લાવ્યો હતો તેની ચોરી થઈ જવા પામી હોવાનું પણ જાણવા મળ્યું છે તે ઉપરાંત પખવાડીયા

પખવાડીયામાં બે મોબાઈલ, એક લેપટોપ ઉપરાંત એક જોડી નવા કપડાની ચોરી : બહારથી આવીને કોઈ જમી ન જાય તે માટે સંચાલકોએ ભોજનકક્ષમાં સીસીટીવી લગાડયા પરંતુ ચોર પકડવા સંકુલમાં એકેયે કેમેરો નહીં...!

પહેલા એક જ દિવસમાં બે અલગ અલગ રૂમમાંથી ચાર્જીંગમાં પડેલા મોબાઈલોની ઉઠાંતરી થવાના કિસ્સા બનવા પામ્યા હતા. આ અંગે પણ પોલીસને અરજી આપવામાં આવી હતી તો બીજી તરફ છાત્રાલય સંચાલકો વિદ્યાર્થીઓને માત્ર આશ્વાસન આપીને સંતોષ માની લેતા હોવાની ફરિયાદો ઉઠી છે. કહેવાય છે કે સરકારમાં આખે આખા હાથી જતા રહે પરંતુ પુંછડી ન જાય.. આવી જ કાંઈક સ્થિતિ અહીં સર્જાઈ છે. બહારની કોઈ વ્યકિત છાત્રાલયમાં આવીને જમી ન જાય તે માટે વિશેષ ફંડની જોગવાઈ કરાવડાવીને ભોજનાલયમાં સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા પરંતુ આવી મોટી કિંમતી માલમત્તાની થતી ચોરી રોકવા એક પણ કેમેરા સંકુલમાં નથી...!

અર્વાચીન ગરબામાં ગાંધીનગરની પનઘટ કલા કેન્દ્ર પ્રથમ : પ્રાચીન ગરબામાં મલ્હાર ગ્રૂપ તૃતીય

ગાંધીનગર, તા.૨૩

અમદાવાદ જીએમડીસી ખાતે રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આયોજીત રાજયકક્ષાના રાસ ગરબા સ્પર્ધા તા. ૧૪-૧૦-૨૦૧૫ થી ૨૧-૧૦-૨૦૧૫ સુધી યોજવામાં આવી હતી. યુવક સેવા અને સાંસ્કૃતિક ખાતાના કમિશનર શ્રી જે.ટી. અખાણીના અધ્યક્ષસ્થાને વિજેતા ટીમોને રોકડ પારિતોષિક અને પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રાચીન વિભાગમાં પ્રથમ સુરત ગ્રામ્યની અસ્તાન વિદ્યાલય બારડોલી, દ્વિતિય ક્રમે શ્રી અમરેલી જિલ્લા લેઉઆ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ તથા તૃતીય સ્થાને ગાંધીનગર શહેરની નેહા રાઠોડ મલ્હાર ગ્રૂપ વિજેતા બની હતી. અર્વાચીન ગરબામાં પ્રથમ ક્રમે ગાંધીનગરની પનઘટ કલા કેન્દ્ર, દ્વીતીય ક્રમે અમરેલીની ઉઝીબેન ભગવાનભાઈ ભગત સાયન્સ કોલેજ તથા તૃતીય સ્થાને સુરત ગ્રામ્યની અસ્તાના વિદ્યાલય બારડોલીની ટીમ વિજેતા જાહેર થઈ હતી. રાસ વિભાગમાં સુરેન્દ્રનગરના જોરાવરનગરની સંસ્થા ભરવાડ માલધારી રાસ મંડળ પ્રથમ, પોરબંદરની મહેર રાસ ગ્રૂપ વીસાવાડી દ્વીતીય અને ભાવનગર ગ્રામ્ય કાળા તળાવની સંસ્થા જય બહુચરાજી શકિત મંડળ તૃતીય ક્રમે વિજેતા બની હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રાજય સરકાર દ્વારા પ્રથમ ક્રમે આવનાર કૃતિને રૂ. ૫૧૦૦૦, દ્વીતીય ક્રમે આવનારને રૂ. ૪૧૦૦૦ અને તૃતીય ક્રમે આવનાર ટીમને રૂ. ૩૧૦૦૦નો રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

કલોલ હાઈવે પર રૂ. ૨.૦૯ લાખ રોકડ ભરેલી બેગની લુંટ

ગાંધીનગર, તા.૨૩

કલોલ સ્થિત સ્વાગત રેસીડેન્સી સાઈટ પર નોકરી કરતા બે કર્મચારીઓ બેંકમાંથી સમી સાંજે રૂ. ૨.૦૯ લાખ ઉપાડીને એકટીવા પર જઈ રહ્યા હતા ત્યારે કલોલ હાઈવે પર પલ્સર લઈને આવેલા બે લુંટારૂઓ એકટીવા પાછળ બેસેલી મહીલા કર્મચારીની હાથમાંથી રૂપિયા ભરેલી બેગ લુંટી ફરાર થઈ ગયા હતા. લુંટ અંગે ફરીયાદ કરવાની તજવીજ મોડી સાંજ સુધી ચાલી હતી તો બીજી તરફ પોલીસે બેંકના સીસીટીવી ફુટેજ મેળવી શકમંદો શોર્ટ લીસ્ટ કરવાની કામગીરી પણ આરંભી દીધી હતી

કલોલ પંચવટી વિસ્તારમાં સ્થિત દ્વારકેશ સોસાયટીમાં રહેતા જીજ્ઞેશભાઈ ભીમજીભાઈ પટેલ અને પલીયડ રહેતી ડીમ્પલબેન મણિલાલ ગજ્જર કલોલની સ્વાગત રેસીડન્સી ખાતે નોકરી કરે છે. બંને સહકર્મી બપોરે બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં રૂપિયા ઉપાડવા એકટીવા લઈને ગયા હતા. સાડા ચાર વાગ્યાના અરસામાં બેંકમાંથી રૂ. ૨.૦૯ લાખ રોકડા ઉપાડીને બેગમાં ભરી બંને કર્મચારીઓ એકટીવા પર પરત જઈ રહ્યા હતા ત્યારે જીજ્ઞેશ એકટીવા ચલાવી રહ્યો હતો અને ડીમ્પલ પાછળ બેગ લઈને બેઠેલી હતી. પલ્સર બાઈક પર બે અજાણ્યો શખ્સો તેમની નજીક ચાલુ વાહને આવ્યા અને ડીમ્પલના હાથમાંથી રૂપિયા ભરેલી બેગની લુંટ કરી પલ્સર પર ફરાર થઈ ગયા હતા. કલોલ પોલીસ મથકમાં લુંટની ફરીયાદ કરવા બંને કર્મચારીઓ પહોંચ્યા હતા તો બીજી તરફ પોલીસે લુંટના મેસેજથી નાકાબંધી કરી કેમેરા ફુટેજ મેળવવા દોડધામ શરુ કરી દીધી હતી.

લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં શસ્ત્રપુજન કરાયું

વિજયાદશમી પર્વે ગાંધીનગર જિલ્લામાં ઠેર ઠેર શસ્ત્રપુજન વિધિ કરવામાં આવી હતી. ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ સે-૨૮ ખાતે પણ પોલીસ ઈન્સ્પેકટર આશુતોષ પરમાર તથા તેમની ટીમ દ્વારા શસ્ત્રપુજન કરવામાં આવ્યું હતું.

આજથી વાવોલ નારાયણેશ્વર મંદિર ખાતે શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૩

શહેરને અડીને આવેલા વાવોલ ગામ સ્થિત નારાયણેશ્વર મહાદેવ મંદિરના પ્રથમ પાટોત્સવ નિમિત્તે વાવોલ (તરપોજ) ખાતે શિવ મહાપુરાણ કથા તેમજ પારાયણ જ્ઞાનયજ્ઞનું નવ દિવસીય ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વાવોલ ગામ ખાતે આવેલ નારાયણેશ્વર મંદિરના પ્રથમ પાટોત્સવ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમોનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે નારાયણ મહાદેવ ટ્રસ્ટના પ્રમુખ સંજય પટેલે જણાવ્યું હતું કે તા. ૨૪-૧૦-૧૫ને શનિવારના રોજ કથા પ્રારંભ થશે. જીતેન્દ્રભાઈ મહારાજ (મહંત સિધ્ધનાથ મહાદેવ મંદિર, વાવોલ) સૌ ભાવિકોને કથાનું રસપાન કરાવશે. કથા સમય રાત્રે ૮ થી ૧૧ કલાકનો રાખવામાં આવ્યો છે. કથાની પૂર્ણાહુતિ તા. ૧-૧૧-૧૫ને રવિવારના રોજ રાત્રે ૧૧-૦૦ કલાકે થશે. આગામી તા. ૨-૧૧-૧૫ને સોમવારના રોજ સવારે નારાયણેશ્વર મંદિરે મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. યજ્ઞમાં સાંજે ૪ કલાકે શ્રીફળ હોમાશે. ત્યારબાદ ભગવાનની મૂર્તિઓનો મહા અભિષેક કરવામાં આવશે. આ ધાર્મિક પ્રસંગે દર્શનનો લાભ લેવા સૌ નગરજનો તેમજ આસપાસના ગ્રામજનોને જણાવાયું છે.

ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતો આધેડ એલસીબીના હાથે ઝડપાયો

ગાંધીનગર, તા.૨૩

જિલ્લાનો કલોલ તાલુકો જુગાર અને સટ્ટા માટે હોટ ફેવરેટ છે. કલોલના

કલોલના પંચવટી વિસ્તારની એક સોસાયટીમાં દરોડો પાડી પોલીસે ૨૪ નંગ મોબાઈલ સહીત રૂ. ૭૦ હજારના મુદ્દામાલ સાથે આધેડની ધરપકડ કરી

પંચવટી વિસ્તારની એક સોસાયટીમાં ગાંધીનગર એલસીબીની ટીમે ચોકકસ બાતમીને આધારે ગઈ કાલે દરોડો પાડી ભારત વિ. સાઉથ આફ્રિકા ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડી રહેલ આધેડને ઝડપી પાડયો હતો. ૨૪ નંગ મોબાઈલ તથા લેપટોપ સહીત અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. ૭૦,૮૩૦ની કિંમતનો મુદ્દામાલ કબ્જે લઈ સટ્ટા નેટવર્કનો પર્દાફશ કરવા અને મુળ સટ્ટોડીયાઓ સુધી પહોંચવા પોલીસે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમ જિલ્લાના સટ્ટાકીંગોને દબોચવા કામે લાગી ગઈ છે. દરમિયાન ગઈ કાલે પીએસઆઈ એન.એન. ચાવડા, એએસઆઈ રામાજી, કરણસિંહ, અબ્બાસખાન તથા હે.કો. મનુજી, દિલીપસિંહ અને પો.કો. પ્રદિપસિંહ સહીતની ટીમ ચોકકસ બાતમીના આધારે કલોલ તાલુકાના પંચવટી ખાતે સ્થિત સપ્તક સોસાયટીમાં પહોંચી ગઈ હતી. મકાન નં. ૨૨માં એલસીબીની ટીમે દરોડો પાડીને એક આધેડ રમણ માધવ પટેલને ભારત વિ. સાઉથ આફ્રિકા ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા રંગે હાથ ઝડપી પાડયો હતો. મુળ મહેસાણાના બલોલ વિસ્તારનો અને હાલ સપ્તક સોસાયટી મકાન નં. ૨૨, કલોલ ખાતે રહેતા રમણ પટેલની ૨૪ નંગ મોબાઈલ, ક્રિકેટ સટ્ટામાં ઉપયોગમાં લેવાડા આંકડા લખેલા સાહિત્ય, લેપટોપ, એલઈડી ટીવી, ઈન્ટરનેટ ડોંગલ, એડપ્ટર તથા અન્ય ઉપકરણો ઉપરાંત રૂ. ૧૫,૧૩૦ રોકડા મળી કુલ રૂ. ૭૦,૮૩૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ ઉંડી પુછતાછ શરુ કરવામાં આવી છે.

એમ.બી. પટેલ કન્યા પ્રા. શાળાની વિદ્યાર્થીનીઓ સાયન્સ સીટીની મુલાકાતે

ગાંધીનગર, તા.૨૩

સર્વવિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધોરણ-૬ની ૧૬૮ વિદ્યાર્થીનીઓ તથા ૧૦ શિક્ષકમિત્રોએ અમદાવાદ ખાતે આવેલ સાયન્સ સીટી તથા અડાલજ વાવની શૈક્ષણિક મુલાકાત તા. ૧૯-૧૦-૧૫ને સોમવારના રોજ લીધેલ. આ મુલાકાતમાં વિદ્યાર્થીનીઓએ હોલ ઓફ સાયન્સ, ધ પ્લેનેટ, થ્રી.ડી. ફિલ્મ તથા ઉર્જાવિભાગની મુલાકાત લઈ વિવિધ પ્રયોગોનું નિદર્શન કરેલ. સમગ્ર મુલાકાતનું આયોજન સમિતિ કન્વીનર શ્રી અલકાબેન એન. પટેલે કર્યું હતું.

કોલવડામાં આઠમે ઠીકરારૂપી પ્રસાદ માટે પડાપડી

ભૂતકાળમાં ઠીકરા માટે થયેલા ધીંગાણા પછી હાલ પોલીસ બંદોબસ્ત વચ્ચે થતી આ પરંપરા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક આવેલા કોલવડામાં નવરાત્રીની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. પરંતુ આ નવરાત્રીમાં વર્ષોની પરંપરા અનુસાર કેટલીક માન્યતાઓ પુરી કરવામાં આવે છે. જેમાં આઠમના દિવસે ગામના માતાજી લાલઘરમાં મંદિરના પૂજારીમાં હાજરી પૂરાવતા હોવાની લોકોની આસ્થા છે અને આ માતાજી સાથે અગ્નિ ભરેલો ગરબો જેને ગ્રામજનો સગડી કહે છે તે લઈને ગરબે ઘુમે છે અને પછી આ સગડી ફોડવામાં આવે છે અને સગડીના ઠીકરા (પ્રસાદ) લેવા રીતસર પડાપડી થાય છે આ પરંપરા થકી ભુતકાળમાં ગામમાં ધીંગાણા સર્જાઈ ગયા હોવાથી હાલ પુરતા પોલીસ બંદોબસ્ત વચ્ચે પરંપરાને જાળવી રખાઈ છે.

ગાંધીનગરના કોલવડામાં ગામની કુળદેવી લાલઘર મા ના અનેક પરચા લોકમુખે ચર્ચાય છે એમ ગામ લોકો કહી રહ્યા છે. લાલઘર મા ની નવરાત્રીમાં પટેલ ભાગોળમાં માંડવડી થતી હોય છે. નવરાત્રીના નવ દિવસ

માતાજીના રંગેચંગે ગરબા થાય છે. લાલઘર માની આ માંડવડી એ ગામ પ્રથા મુજબ ફકત મહિલાઓ જ ગરબે ઘુમી શકે છે. પુરુષો માટે સખત મનાઈ ફરમાવવામાં આવેલ છે. વધુમાં માતાજીની આસ્થા અને વર્ષો જુની પરંપરા મુજબ આઠમે મંદિરના પુજારીમાં માતાજી હાજરાહજુર થાય છે અને ગામમાં કોઈ અણબનાવ કે અન્ય ઘટના ઘટવાની હોય તો માતાજી કહેતા હોય છે તેવું પણ લોકો જણાવી રહ્યા છે. ખાસ બાબત એ છે કે આઠમ રાત્રી એ અગ્નિથી ભરેલો ગરબો (સગડી) આ પૂજારી (હાજર માતાજી) માથે લઈ ગરબે ઘુમે છે અને તેને માંડવડી પાસે ફોડવામાં આવે છે અને ફુટેલી સગડીના ઠીકરા લેવા ગામ લોકો વચ્ચે ભારે અફડાતફડી મચે છે અને તે દરમિયાન વિકરાળ ઝઘડા અને ઘર્ષણના સંજોગ સર્જાતા હોય છે. માતાજીના પરચા અને તેમની કૃપા સદાય મળી રહેતી હોવાની શ્રધ્ધાના કારણે આ ઠીકરા રૂપી પ્રસાદ લેવા આવું બનતું હોય છે જેથી હાલ પૂરતા પોલીસ બંદોબસ્ત સાથે આ પરંપરા નિભાવાય છે. માતાજીની આ પરંપરા આજુબાજુના વિસ્તારોમાં પણ પ્રચલિત છે જેથી મોટી સંખ્યામાં લોકો આ પ્રથાને નીહાળવા ઉમટતા હોય છે. જો કે ગામની કુળદેવીની અસીમકૃપા સદાય સમસ્ત ગ્રામજનો ઉપર બની રહે તેવો ગામ લોકોનો પ્રયાસ એ માતાજીમાં તેમની અખુટ શ્રધ્ધા દર્શાવે છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

રોટરી કલબ દ્વારા મફત રોગ નિદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨૩

શહેરની જાણીતી સેવાકીય સંસ્થા રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા આગામી તા. ૨૫-૧૦-૧૫ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન ફીઝીયોથેરાપી સેન્ટર, પંચદેવ મંદિરની બાજુમાં સેકટર-૨૨ ખાતે મફત રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

મફત રોગ નિદાન કેમ્પમાં ફેફસાના રોગોના નિષ્ણાંત ડૉ. જયંત ત્રિવેદી, મગજ-ચેતાતંતુના રોગોના નિષ્ણાંત ડૉ. દેવશી વિસાણા તેમજ કિડની-પથરીના રોગના નિષ્ણાત ડૉ. અનિકેત પંડયા હાજર રહીને રોગોનું નિદાન કરીને જરુરી પ્રાથમિક દવાઓ પણ નિઃશુલ્ક પુરી પાડવામાં આવશે. આ નિદાન કેમ્પનો લાભ લેવા શહેરીજનોને રોટરી કલબના સેક્રેટરી મૌલિક પટેલે અનુરોધ કર્યો છે.

ચિરવિદાય

● સ્વ. ચૌધરી સુરેશભાઈ વિષ્ણુભાઈ, ઉ.વ. ૪૨

● સ્વ. રાઠોડ કોકીલાબેન કાળુજી, ઉ.વ. ૬૫